# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છ રાજ્યોના રાજ્યપાલોની નિમણૂક કરી.

2) ભારત આજે નવીદિલ્હીમાં BIMSTEC ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકની યજમાની કરશે.

3) કેન્દ્રએ તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને હોસ્પિટલના દરો સ્પષ્ટ રીતે દર્શાવવા જણાવ્યું.

4) કેન્સર વિરોધી દવાઓ પરના નફાને મહત્તમ છૂટક કિંમતના 30% સુધી મર્યાદિત કરવાનો કેન્દ્ર સરકારનો નિર્ણય.

5) જમ્મુ-કાશ્મીરના પૂંછમાં, નિયંત્રણ રેખા નજીક ઘૂસણખોરીના પ્રયાસ દરમિયાન લેન્ડમાઈન વિસ્ફોટ થતાં ચાર આતંકવાદીઓના મોત.

6) આજથી શરૂ થઈ રહેલી ડેનમાર્ક ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પી.વી.સિંધુ અને પુરુષ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટી ભારતીય અભિયાનનું નેતૃત્વ કરશે.

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# GOVERNOR-APPOINTMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ છ રાજ્યોમાં રાજ્યપાલની નિમણૂક કરી છે.

શ્રી ઓમ પ્રકાશ માથુરને કેરળના, રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરને તમિલનાડુના, બ્રિજ મોહન રામને ઓડિશાના, ડૉ. સુધા યાદવને કર્ણાટકના, ડૉ. ધલ સિંહ બિસેનને ઉત્તરાખંડના જ્યારે દુષ્યંત ગૌતમને સિક્કિમના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

બધી નિમણૂકો પદ સંભાળ્યાની તારીખથી અમલમાં આવશે.

# BIMSTEC-DELHI

ભારત આજે નવી દિલ્હીમાં BIMSTEC ગૃહમંત્રીઓની પ્રથમ બેઠકની યજમાની કરશે.

આ બેઠકમાં આતંકવાદ, આંતરરાષ્ટ્રીય સંગઠિત ગુના, માદક દ્રવ્યો, કટ્ટરપંથીકરણ, ગેરકાયદેસર નાણાકીય વ્યવહારો અને સાયબર ધમકીઓ સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે આ બેઠક આતંકવાદ અને સંગઠિત ગુના જેવા પડકારોનો સામનો કરવા માટે BIMSTEC દેશોના સહિયારા સંકલ્પને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે બધા દેશો પરસ્પર સંકલન દ્વારા BIMSTEC ક્ષેત્રને વધુ સુરક્ષિત અને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

ઉલ્લેખનીય છે કે BIMSTEC બાંગ્લાદેશ, ભૂતાન, ભારત, મ્યાનમાર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડનો સમાવેશ કરતું પ્રાદેશિક સંગઠન છે. તેનો ઉદ્દેશ્ય બંગાળની ખાડી અને આસપાસના પ્રદેશની સરહદે આવેલા દેશો વચ્ચે આર્થિક અને ટેકનિકલ સહયોગને પ્રોત્સાહન આપવાનો છે.

# SARAS-MELA--VIJAYWADA

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે વિજયવાડામાં રાષ્ટ્રીય સરસ મેળાનું ઉદ્ઘાટન કરશે.

ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત આ મેળામાં 30 થી વધુ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્વ-સહાય જૂથોની 1500 થી વધુ મહિલા ઉદ્યોગસાહસિકો ભાગ લેશે. જેમાં ગ્રામીણ સાહસો, પરંપરાગત હસ્તકલા, પ્રાદેશિક ભોજન અને ઉદ્યોગસાહસિકતાનું પ્રદર્શન કરવામાં આવશે. આ મેળો આ મહિનાની 31મી તારીખ સુધી ચાલુ રહેશે.

# EVE-CENTRE---CLINIC-DISPLAY-RATES

કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સેવાઓ અને સુવિધાઓ માટેના હોસ્પિટલના દરો સ્પષ્ટ રીતે દર્શાવવા જણાવ્યું છે. આનો હેતુ દર્દીઓને સારવાર પસંદગીઓ કરવામાં મદદ કરવા, બિલિંગ વિવાદોને રોકવા અને આરોગ્યસંભાળ સેવાઓમાં વિશ્વાસ વધારવાનો છે.

આરોગ્ય સચિવ પુણ્ય સલિલા શ્રીવાસ્તવે આ સંદર્ભમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મુખ્ય સચિવોને પત્ર લખ્યો છે

પ્રસ્તુત છે એક અહેવાલ.....

**(BYTE : ANAND – FINAL)**

*(केंद्रीय स्वास्थ्य सचिव ने पत्र के जरिए लागू नियामक प्रावधानों के अनुपालन की समीक्षा करने के साथ-साथ उचित उपाय करने का भी आह्वान किया है ताकि स्वास्थ्य सेवा शुल्क संबंधी जानकारी रोगियों और उनके परिजनों के लिए स्पष्ट और आसानी से सुलभ हो। पत्र में अंतरराष्ट्रीय मरीजों के लिए स्वास्थ्य सेवाओं की कीमतों में पारदर्शिता पर विशेष जोर दिया गया है। राज्यों और केंद्र शासित प्रदेशों से अनुरोध किया गया है कि वे मेडिकल या आयुष वीजा पर भारत आने वाले विदेशी मरीजों को दी जाने वाली पैकेज दरों को प्रमुखता से प्रदर्शित करने के लिए प्रोत्साहित करें। यह पहल स्वास्थ्य सेवा को अधिक पारदर्शी, जवाबदेह और रोगियों की जरूरतों के प्रति संवेदनशील बनाने के लिए केंद्र सरकार की प्रतिबद्धता को मजबूत करती है। आनंद कुमार, आकाशवाणी समाचार, दिल्ली।)*

# NEW-SC-CENTRE-CANCER-DRUGS

કેન્દ્ર સરકારે કેન્સર વિરોધી દવાઓ પરના નફાને મહત્તમ છૂટક કિંમતના 30 ટકા સુધી મર્યાદિત કરવાનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે ગઇકાલે સુપ્રીમ કોર્ટને આ નિર્ણયની જાણ કરી હતી. કોર્ટે, ફાર્માસ્યુટિકલ ક્ષેત્રમાં દવાના ભાવોની વ્યાપક સમીક્ષા કરવાનો નિર્દેશ આપ્યો હતો.

કેન્દ્ર સરકાર તરફથી હાજર રહેલા સોલિસિટરે જણાવ્યું હતું કે સરકાર કેન્સર દવાઓની યાદી જાહેર કરશે જેના પર નફાની મર્યાદા લાગુ થશે.

કેન્દ્ર સરકારના બીજા-વરિષ્ઠ કાયદા અધિકારીએ જણાવ્યું હતું કે બજારની સ્થિતિ અને જાહેર આરોગ્ય જરૂરિયાતોને આધારે સમયાંતરે આ યાદીમાં વધારાની કેન્સર દવાઓ ઉમેરી શકાય છે, જ્યારે ઓછી કિંમતની દવાઓને યાદીમાંથી બાકાત રાખી શકાય છે.

કોર્ટે રિટેલરોને પૂરી પાડવામાં આવતી દવાઓની કિંમત અને પ્રિન્ટેડ MRP વચ્ચેના નોંધપાત્ર તફાવત પર પ્રશ્ન ઉઠાવ્યો, દર્દીઓ પર આનાથી થતા નાણાકીય બોજ અંગે ચિંતા વ્યક્ત કરી અને અસરકારક નિયમનકારી માળખાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

આ કેસની આગામી સુનાવણી 27 ઓક્ટોબરે થશે.

# REV. KARNATAKA RESERVATION VERDICT

કર્ણાટક હાઈકોર્ટે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે અનામત વધારતા 2022 ના રાજ્ય કાયદાને રદ કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ વિભુ બાખરુ અને ન્યાયાધીશ કે.એસ. હેમાલેખાની બનેલી ડિવિઝન બેન્ચે આ કાયદાને ગેરબંધારણીય જાહેર કર્યો. ન્યાયાધીશોએ ચુકાદો આપ્યો કે અનામતનો વધારો સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ઇન્દ્ર સાહની ચુકાદા દ્વારા સ્થાપિત 50 ટકા કાનૂની ટોચમર્યાદાનું ઉલ્લંઘન કરે છે.

# GOVT-DRAFT-NATIONAL-STEEL-POLICY

સરકારે રાષ્ટ્રીય સ્ટીલ નીતિ - વિઝન 2047નો મુસદ્દો તૈયાર કર્યો છે. આ મુસદ્દો વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક, ટેકનોલોજીકલ રીતે અદ્યતન, પર્યાવરણને અનુકૂળ અને સંસાધન-કાર્યક્ષમ સ્ટીલ ક્ષેત્ર બનાવવા માટે લાંબા ગાળાની નીતિ માળખું પૂરું પાડે છે. આ નીતિનો ઉદ્દેશ્ય દેશની વધતી જતી સ્ટીલ જરૂરિયાતોને પૂર્ણ કરવા સાથે વૈશ્વિક સ્ટીલ ઉદ્યોગમાં ભારતનું સ્થાન મજબૂત બનાવવાનો છે.

આ મુસદ્દો માળખાગત સુવિધાઓ, આવાસ, પરિવહન, નવીનીકરણીય ઉર્જા અને ઉભરતા ઉત્પાદન ક્ષેત્રોમાં સ્ટીલના વધુ ઉપયોગને પ્રોત્સાહન આપવા અને સ્વચ્છ સ્ટીલ ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# CENTRE-SUGAR

કેન્દ્ર સરકારે, મહારાષ્ટ્ર અને કર્ણાટકના શેરડી ખેડૂતોની ફરિયાદોના નિરાકરણ માટે એક અઠવાડિયામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવાની જાહેરાત કરી છે.

ગઇકાલે નવી દિલ્હીમાં કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી પ્રહલાદ જોશી વચ્ચે કર્ણાટક અને મહારાષ્ટ્રના શેરડી ખેડૂતોના પ્રતિનિધિમંડળો સાથેની બેઠક બાદ આ નિર્ણય લેવામાં આવ્યો.

સમિતિમાં કેન્દ્ર સરકાર, કર્ણાટક અને મહારાષ્ટ્રની રાજ્ય સરકારો, ખેડૂત સંગઠનો અને ખાંડ મિલોના પ્રતિનિધિઓ તેમજ વિષય નિષ્ણાતોનો સમાવેશ થશે. સમિતિ શેરડીના કાપણીના સમય, આધુનિક પ્રયોગશાળા પરીક્ષણ પ્રણાલીઓ અને વજનની ચોકસાઈ સંબંધિત દરેક તકનીકી પાસાની બારીકાઈથી તપાસ કરશે. સમિતિ નિર્ધારિત સમયમર્યાદામાં સરકારને તેની ભલામણો રજૂ કરશે.

બેઠકમાં શેરડી ખેડૂતોને લગતા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

# REV. INDIA-IRAN SECURITY CHIEFS

ભારત અને ઈરાનના ટોચના સુરક્ષા અધિકારીઓએ ગઈકાલે નવીનતમ પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય ઘટના ક્રમો અને પરસ્પર હિતના મુદ્દાઓ પર વાતચીત કરી હતી.

નવી દિલ્હી સ્થિત ઈરાની દૂતાવાસે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું કે ઈરાનની સુપ્રીમ નેશનલ સિક્યુરિટી કાઉન્સિલના સચિવ મોહસેન રેઝાઈએ ગઈકાલે સાંજે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સાથે ફોન પર વાતચીત કરી હતી.

# J-K-TERRORISTS-KILLED

જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં, ગઈકાલે નિયંત્રણ રેખા નજીક ઘૂસણખોરીના પ્રયાસ દરમિયાન લેન્ડમાઈન વિસ્ફોટ થતાં લશ્કર-એ-તૈયબાના ટોચના કમાન્ડર સહિત ચાર આતંકવાદીઓ માર્યા ગયા છે.

તેમની ઓળખ લશ્કરના ટોચના કમાન્ડર મોહમ્મદ ફૈઝાન, મોહમ્મદ ઇશ્તિયાક, મોહમ્મદ વકાસ અને મોહમ્મદ અસીમ તરીકે થઈ છે. બધા પાકિસ્તાનના કબજા હેઠળના પૂંછ જિલ્લાના મદારપુર, હજીરા તહસીલના મંડલાના રહેવાસી હતા.

ગઈકાલે બપોરે કૃષ્ણા ઘાટી સેક્ટરના નાંગી ટાકરી વિસ્તારમાં આતંકવાદીઓનું જૂથ નિયંત્રણ રેખા પાર કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું ત્યારે તેઓ એક લેન્ડમાઈન પર પગ મુકાઇ જતાં ચારેય ઘટનાસ્થળે જ માર્યા ગયા હતા. વિસ્ફોટનું ચોક્કસ સ્થાન નાંગી ટાકરી વિસ્તારમાં સતવાલ નાકી છે, જ્યાંથી આતંકવાદીઓ સરહદ પારથી ભારતમાં ઘૂસણખોરી કરવાનો પ્રયાસ કરે છે.

# NAXAL--CHHATTISGARH

છત્તીસગઢમાં ચાલી રહેલા નક્સલ વિરોધી અભિયાનમાં સુરક્ષા દળોને મોટી સફળતા મળી છે. સુકમા જિલ્લાના ગાઢ જંગલોમાં નક્સલીઓ દ્વારા છુપાવવામાં આવેલા ઓટોમેટિક હથિયારો, જીવંત દારૂગોળો અને વિસ્ફોટકો સહિત શસ્ત્રોનો મોટો જથ્થો મળી આવ્યો છે.

આત્મસમર્પણ કરાયેલા નક્સલીઓ પાસેથી મળેલી ગુપ્ત માહિતીના આધારે, જિલ્લા પોલીસ દળ, જિલ્લા રિઝર્વ ગાર્ડ અને બસ્તર ફાઇટર્સની સંયુક્ત ટીમે ગઈકાલે પલાચલમા ગામના ડુંગરાળ અને જંગલી વિસ્તારોમાં શોધખોળ અભિયાન શરૂ કર્યું હતું. આ સઘન શોધખોળ દરમિયાન નક્સલીઓ દ્વારા છુપાવવામાં આવેલા શસ્ત્રો મળી આવ્યા હતા.

# BADMINTON-DENMARK OPEN 2026

આજથી શરૂ થઈ રહેલી ડેનમાર્ક ઓપન 2026 બેડમિન્ટન ટુર્નામેન્ટમાં પીવી સિંધુ અને પુરુષ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટી ભારતીય અભિયાનનું નેતૃત્વ કરશે

પી.વી.સિંધુ આજે મહિલા સિંગલ્સ રાઉન્ડ ઓફ 32 માં દક્ષિણ કોરિયાની એન સે-યંગ સામે રમશે. તન્વી શર્મા જાપાનની નત્સુકી નિદૈરા સામે રમશે. અશ્મિતા ચલિહા, દેવિકા સિહાગ અને ઉન્નતિ હુડા આવતીકાલે પ્રી-ક્વાર્ટર ફાઇનલ મેચ રમશે.

પુરુષ સિંગલ્સમાં, લક્ષ્ય સેન અને કિદામ્બી શ્રીકાંત આજે રાઉન્ડ ઓફ 32 માં એકબીજા સામે ટકરાશે. આયુષ શેટ્ટીનો મુકાબલો આવતીકાલે યોજાશે. પુરુષ ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ અને ચિરાગ શેટ્ટી આવતીકાલે પોતાના અભિયાનનો પ્રારંભ કરશે.

# NEPAL-FLOOD

નેપાળમાં, ગયા અઠવાડિયાના અંતે આવેલા પૂરમાં હાઇકિંગ ટ્રેલ્સ અને પુલો ધોવાઈ ગયા બાદ વિવિધ સ્થળોએ 100 થી વધુ વિદેશી ટ્રેકર્સ ફસાયેલા છે.

ગઇકાલે અધિકારીઓએ 12 વિદેશીઓ સહિત 321 લોકોને બચાવ્યા હતા. નેપાળી સેનાએ જણાવ્યું હતું કે નદીનું પાણીનું સ્તર ઘટ્યું છે અને બચાવ કામગીરી આજે પણ ચાલુ રહેશે.

ઓગસ્ટમાં આવેલા વિનાશક પૂરમાં એક હજાર 457 લોકો માર્યા ગયા હતા, જ્યારે હજારો હજુ પણ ગુમ છે. જોકે, આ નવા પૂરમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

- આજે બધા જ અખબારોએ પ્રથમ પાને વિપક્ષે SIR મુદ્દે સુપ્રીમ કોર્ટ સુધી યોજેલી રેલી તેમજ જંતર મંતર પર હવે ધરણાં પ્રદર્શન નહિ યોજાઈ શકે આ સમાચારોને તસવીર સાથે છાપ્યા છે.
- ગુજરાત સમાચારે લખ્યું સરકાર સામે આક્રોશ વિશાળ રેલી યોજી વિપક્ષનું શક્તિ પ્રદર્શન
- સંદેશે લખ્યું- જંતર મંતર પર ધારણા પ્રદર્શન પર બેન.
- દિવ્યભાસ્કર લખે છે - જંતર મંતરથી પ્રદર્શન છું મંતર.
- રાજસ્થાન પત્રિકા એ લખ્યું -દિલ્હી મેં વિપક્ષ કા રેલા ઓર સુપ્રીમ કોર્ટ સે કી સ્વતંત્ર જાંચ કી માંગ.
- નવગુજરાત સમય લખે છે વિપક્ષનો શક્તિ પ્રદર્શન ઉચ્ચ કરી સુપ્રીમમાં પિટિશન ફાઇલ કરી.
- ઉપરાંત સ્થાનિક સમાચારોમાં ફાયર એનઓસી વગર યોજાતા ગરબા અને ગાંધીનગર મહાનગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના આજે જાહેર થનાર પરિણામના સમાચાર વાંચવા મળી રહ્યા છે.